RIGBY star INDEPENDENT

# તમારા બાળક સાથે વાંચો

**બાળકોને વાંચન શીખવવા માટે સ્કૂલ જ એક માત્ર સ્થળ નથી. ઘરે અથવા ક્યાંક બહાર ગયાં હોઈએ ત્યારે વાંચવું તે દરેક બાળકના શીખવાના અનુભવનો એક અગત્યનો ભાગ છે.**

**તમારા બાળકને વાંચવાનું શીખવામાં તમે સૌથી ઉત્તમ મદદ કેવી રીતે કરી શકો તે માટેનાં કેટલાંક ઉપયોગી સૂચનો અહીં આપવામાં આવ્યાં છે.**

- તમારું બાળક તમને વાંચી સંભળાવતું હોય ત્યારે તેને સમય આપો (ઉતાવળ ન કરાવો).
- તમારા બાળકને તેની પોતાની ચોપડી પકડવા દો અને તેમને ‘કવર’ (મુખપૃષ્ઠ), ‘પેઈજ’ (પાનું) અને ‘ટાઈટલ’ (મથાળું) જેવા શબ્દો વાપરવા માટે પ્રોત્સાહન આપો.
- ચોપડી વાંચતાં પહેલાં તેમાં શું હોઈ શકે તે વિશે વાત કરો. ચોપડીના આગળના અને પાછળના મુખપૃષ્ઠ ઉપરથી તેની અંદર શું હશે તેની કડીઓ શોધો.
- ચિત્રો વિશે વાત કરો - શું બની રહ્યું છે તેની વિગતો જુઓ.
- તમારા બાળકને તેની પોતાની ભૂલો ઓળખવાનો અને તે સુધારવાનો સમય આપો.
- જો બાળક કોઈ શબ્દ વાંચવામાં ગૂંચવાતું હોય, તો તે શબ્દ કયો હોઈ શકે તે શોધવા માટે તેને ચિત્રો જોવા માટે કહો, અથવા તો તે શબ્દનો પહેલો અક્ષર બોલો. જો તેને ખરેખર તે શબ્દની ખબર ન પડે, તો તેને તે શબ્દ કહી દો, જેથી તે હતાશ ન થઈ જાય.
- ચોપડી વાંચ્યા બાદ તે વિશે વાતચીત કરો. ચોપડી શેના વિશે છે તેની તમારા બાળકને ખબર પડે છે તેની ખાતરી કરો - વાચક બનવા માટેનો આ એક અગત્યનો ભાગ છે.
- તમારું બાળક વાંચવા ન માગતું હોય, તો તેને દબાણ ન કરો. જો તેની ઈચ્છા ન હોય, તો તમે તેને વાંચી સંભળાવો અને તમારી સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરો.
- ઘણાં બાળકોને પોતાની મનગમતી ચોપડીઓ હોય છે, જે તેઓ વારંવાર વાંચવા માગતાં હોય છે. આ એક સારી વાત છે! તેમને જે વાર્તાની ખબર હોય અને ગમતી હોય તે વાંચવાથી બાળકનો આત્મવિશ્વાસ વધવામાં મદદ થશે.
- શક્ય તેટલી વધારે વાર તમારા બાળકને વાંચી સંભળાવવાનો પ્રયત્ન કરો. આ હંમેશાં કોઈ ચોપડી જ હોય તેવું જરૂરી નથી - તે ખરીદી કરવાની વસ્તુઓની યાદી (શોપિંગ લિસ્ટ), વાનગીઓની યાદી (મેન્યૂ) કે પછી સૂચનાઓ હોઈ શકે.
- યાદ રાખો કે આપણી આસપાસ બધે જ શબ્દો ફેલાયેલા છે! તમારા બાળકને નામ, નિશાનીઓ, જાહેરાતો અને લેબલો વાંચવા માટે પ્રોત્સાહન આપો.

**યાદ રાખો!**
**હંમેશાં તમારા બાળકને ઘણી બધી શાબાશી અને પ્રોત્સાહન આપો.**